# માને સુવા દો !

–આશા વીરેન્દ્ર

આઠ મહીના પહેલાં શીવાનીના બાપુજીની બીમારીનું નીદાન થયું હતું કે એમને પ્રોસ્ટેટ કેન્સર છે. આમ પણ, અત્યાર સુધી આખા પરીવારમાં કેન્દ્રરુપ 'બાપુજી' જ રહ્યા હતા ને એમાં આવી આટલી મોટી માંદગી ! ઘરના, બહારના મીત્રો કે સગાંવહાલાં સૌને મોઢે બસ, બાપુજીનું જ નામ. 'એમની તબીયત કેમ છે ?'; 'બધા રીપોર્ટસ આવી ગયા ?'; 'ડૉક્ટર શું કહે છે ?'; 'કીમો થેરાપી લેવી પડશે ?' બધા જાણે આ બધી બાબતોના નીષ્ણાત હોય એ રીતે વાતો કરતા. આ સૌમાં જો કોઈ મુંગે મોઢે પોતાનું કામ કર્યા કરતું હોય તો એ હતી એની મા.

પહેલેથી એ તો હાંસીયામાં ધકેલાયેલી જ હતી, ને હવે વળી એને પુછવાની શી જરુર કે એણે બે કોળીયા મોંમાં નાખ્યા કે નહીં ? બપોરના એ ઘડીક આડે પડખે થઈ કે નહીં ? રાતના એ સુઈ શકી કે બાપુજીની સેવામાં જ રાત પુરી થઈ ગઈ ? જો કે કોઈ આવું પુછે એવી એને અપેક્ષા જ નહોતી.

'કેમ, સારું રાંધી ને ખવડાવતાં જોર પડે છે ? ઘરમાં કોઈ દીવસ કોઈ ચીજનાં ઠેકાણાં જ ન હોય ! કરે છે શું તું આખો દીવસ ? આમ ફુવડ ને ફુવડ જ રહી ! આળસ અને એદીપણાનીયે કોઈ હદ હોય ને ?'

વર્ષોથી બાબુજીનાં આવાં વાક્બાણો સહન કરતી આવેલી મા એમના ડરથી થરથર ધ્રુજતી રહેતી. વળી માંદગીએ બાબુજીને વધુ ચીડીયા બનાવી દીધા હતા.

'હવે મારે બ્રશ કરવાનું છે કે આમ સુવડાવી જ રાખવાનો છે ?'; 'ચા–નાસ્તો કંઈ મળશે કે ભુખ્યા જ રહેવું પડશે ?'

'આખી રાત પગ દુ:ખે છે, પગ દુ:ખે છે બુમો પાડી; પણ તને થયું કે લાવ, પગ દબાવી દઉં ?'

પથારીનો ત્યાગ કરે ત્યારથી મા ચાવી દીધેલા રમકડાની માફક ફેરફુદરડી ફર્યા કરતી. બાબુજીને કે બીજા કોઈનેયે કદી વીચાર ન આવ્યો કે હવે એની પણ ઉમ્મર થઈ છે, એને પણ જરાક આરામની જરુર હોઈ શકે. હા, શીવાનીનો જીવ મા માટે બળતો; પણ બાપુજીને પોતાનું કોઈ કામ કરવા માટે મા સીવાય બીજા કોઈની સેવા ફાવતી નહીં. એટલે ધીમે ધીમે કરતાં એણે પણ પીયર આવવાનું થોડું ઓછું કરી નાખ્યું હતું. દેખવુંયે નહીં ને દાઝવુંયે નહીં.

નાનો ભાઈ અને ભાભી મા–બાપુજીની સાથે જ રહેતાં એટલે એમની થોડી સેવા મળતી ખરી. બાકી મોટા ભાઈને એમનો પરીવાર મુમ્બઈ અને એમનાથી નાની બહેન શીલા અમદાવાદ. બન્ને દુર રહ્યે રહ્યે જાણે મા–બાપની બહુ ફીકર કરતાં હોય એમ સલાહ–સુચનો આપ્યા કરતાં.

મોટો કહેતો, 'ડૉક્ટરને સરખું પુછી જુઓ ને ! એ કહેતા હોય તો બાબુજીને હૉસ્પીટલમાં દાખલ કરી દો. ખરચાની ચીન્તા નહીં કરતાં. હું અહીંથી મોકલી દઈશ.'

તો વળી શીલા કહેતી, 'શીવાની, માને કહેજે, બાબુજીની બરાબર કાળજી રાખે. બીચારા કેવા થઈ ગયા છે ! મા એમને મુકીને જરાયે આઘીપાછી ન થાય હં !' શીવાનીને થતું : અહીં આવીને જુઓ તો ખબર

પડે કે બપોરે ત્રણ વાગી જાય તોય માને બીચારીને જમવાનું યાદ નથી આવતું. રાત–દીવસ બાપુજીને ગરમ તેલનું માલીશ કરી કરીને એના હાથમાં ફોલ્લા પડી ગયા છે. એનું ધ્યાન કોણ રાખશે ?

છેલ્લા અઠવાડીયાથી બાબુજીને નર્સીંગ હોમમાં દાખલ કર્યા હતા. શીવાનીને થયું કે હાશ, હૉસ્પીટલમાં તો નર્સ દર્દીની દેખરેખ રાખે એટલે માને થોડોક તો આરામ મળશે ! પણ નર્સ પાસે ઈન્જેક્શન અને દવા લેવાનાં, બી.પી. ચેક કરાવવાનું. એ સીવાય બધું મા જેમ ઘરે કરતી એ જ રીતે એણે હૉસ્પીટલમાં કરવાનું એવું બાબુજીનું ફરમાન હતું. 'ઘરનું માણસ કરવાવાળું હોય તો પછી ભાડુતી માણસોની મદદ શા માટે લેવી,' એમ તેઓ સૌને કહેતા.

બે દીવસ પહેલાં સાંજે ચાર–સાડાચારે શીવાની મા માટે આદુ–ફુદીનાવાળી ચા લઈને ગઈ ત્યારે એણે જોયું કે હજી તો માનું ટીફીન એમનું એમ પડેલું હતું અને એ બાબુજીના શરીરે હળવે હાથે માલીશ કરી રહી હતી. શીવાનીએ પુછ્યું, 'આ શું મા ? હજી સુધી જમી નથી ?'

ફીક્કું હસીને માએ કહ્યું, 'ખાવાનું, ટીફીનમાં હોય કે પેટમાં, શો ફરક પડે છે ? પણ તારા બાબુજીને મારા માલીશ કરવાથી ફરક પડે છે. જો એમને ઉંઘ પણ આવી ગઈ છે.'

બે દીવસ પછી બાબુજીને હમ્મેશને માટે ઉંઘ આવી ગઈ. મોટાભાઈ અને શીલા સમાચાર સાંભળીને દોડી આવ્યાં. શીલાએ રડી રડીને ઘર માથે લીધું તો મોટાભાઈએ માને વાંસે હાથ ફેરવીને આશ્વાસન આપ્યું. શીવાનીએ આખો વખત માની ચીન્તા સતાવી રહી હતી.

'મા, ભાવે કે ન ભાવે પણ બે કોળીયા તો ખાઈ લે ! જરા પગમાં જોર રહે !'

'મા, બેઠા બેઠા કમર દુ:ખી જશે. થોડીવાર લાંબો વાંસો કરી લે ને !'

પણ માએ બે હાથ જોડી ધરાર ના પાડી દીધી. સાંજ સુધી લોકોની અવર–જવર એકધારી ચાલુ જ હ તી. આવનારાને પાણીનું તો પુછવું પડે ને ! શીવાની પાણી લેવા રસોડામાં ગઈ ત્યાં પાછળ જ શીલા આવી.

'શીવાની મા પણ કમાલ છે ! આ સમય છે સુવાનો ? આડોશી–પાડોશી ખરખરે આવ્યા છે ને એ બેઠી બેઠી ઝોકાં ખાય છે ! મને તો એવી શરમ આવી ! એ તો સારું થયું, કોઈનું ધ્યાન નહોતું ત્યારે મેં એને ઢંઢોળીને કહ્યું કે, તારાં નસકોરાંનો અવાજ આવે છે.'

શીવાનીએ આ સંભભળતાં જ કંઈક ખુશ થઈને કહ્યું, 'હેં ? માને ઉંઘ આવે છે ?'

એ ભાગીને ગઈ. એણે અને નાની ભાભીએ ટેકો દઈને માને ઉભી કરી. તેને બેડરુમમાં લઈ જઈ ધીમે ધીમે માથે હાથ ફેરવી એણે માને સુવડાવી. થાક, ઉજાગરા અને રડી રડીને થાકેલી માની આંખો ઘડીભરમાં મીંચાઈ ગઈ. શીલા ધમધમાટ કરતી આવી, 'શીવુ, મેં તને માને જગાડવાનું કહ્યું ને તેં તો એને સુવડાવી દીધી !'

શીવાનીએ રુમનું એ.સી. ચાલુ કર્યું ને ધીમેથી શીલાને બહાર લઈ આવીને કહ્યું, 'આઠ આઠ મહીનાથી માએ ધરાઈને બે ટંક ખાધું નથી ને રાતોની રાતો સુતી નથી. આજે એ શાન્તીની નીંદર માણે છે ત્યારે હું પ્રભુને પ્રાર્થના કરીશ કે માને નીરાંતની ઉંઘનું વરદાન આપે. બલકે, હું તો કહીશ કે મારા ભાગની નીંદર પણ માને મળે.'

બોલતાં બોલતાં શીવાનીનો કંઠ ભરાઈ આવ્યો.

(મન્નુ ભંડારીની હીન્દી વાર્તાને આધારે)

તા. 16 ડીસેમ્બર, 2014ના ‘ભુમીપુત્ર’ પાક્ષીકના છેલ્લે પાનેથી, લેખીકા અને ‘ભુમીપુત્ર’ના સૌજન્યથી સાભાર.. ..ઉત્તમ અને મધુ ગજ્જર..

–આશા વીરેન્દ્ર

સર્જક–સમ્પર્ક :

બી–401, ‘દેવદર્શન’, હાલર, વલસાડ– 396 001 ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137

ઈ–મેઈલ : avs_50@yahoo.com

♦●♦

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ: દસમું – અંક: 318 – March 22, 2015

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than 3,12,60,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 43,28,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 7,43,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 1,45,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@